ડૉ.બાબા સાહેબ આંબેડકરજીની ૧૨૫ મી જન્મ જયંતીની ઉજવણી નિમિત્તે ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ અને ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમના લાભાર્થીઓ માટે વન ટાઈમ સેટલમેન્ટ યોજના અન્વયે વ્યાજ અને દંડનિય વ્યાજ માફ કરવા સંબંધે.....

સ્ટાફ અને વાહન આપવા તથા મુદ્દત વધારવા બાબત

---

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-અંવક/૧૪૨૦૧૫/૧૩૧૭૦૧/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા:- ૫/૨/૨૦૧૬

<u>વંચાણમાં લીધા:-</u>

(૧) આ વિભાગનો સરખાં ક્રમાંકનો તા ૨૪/૮/૨૦૧૫ નો ઠરાવ .

(૨) ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરનો તા:૧૯/૧૨/૨૦૧૫ નો પત્ર ક્રમાંક:અવિકો/મકમ/વ.ટા.સે./૨૦૧૫-૧૬/૪૨૯૭.

(૩) ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરનો તા:૧૯/૧૨/૨૦૧૫ નો પત્ર ક્રમાંક:નવઘ/૧૦૨૦૧૪/૨૪૦૩/પ્રો(૩)/૫૬૦૩-૬૦૪

<u>આમુખ:-</u>

આ વિભાગનાં ઉપર વંચાણે લીધેલ ક્રમ(૧) ના તા. ૨૪/૮/૨૦૧૫ ના ઠરાવ અન્વયે, ડૉ.બાબા સાહેબ આંબેડકરજીની ૧૨૫ મી જન્મ જયંતીની રાજય સરકાર દ્વારા થઈ રહેલ ઉજવણી નિમિત્તે ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ અને ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમના લાભાર્થીઓ માટે વન ટાઈમ સેટલેમન્ટ યોજના અમલમાં મુકવામાં આવેલ છે

આ યોજનાનો લાભ મેળવવા ઈચ્છતા લાભાર્થીઓએ એક સાથે અથવા હપ્તેથી બાકી મુદ્દલની રકમ ભરપાઈ કરવા તા.૩૧/૧/૨૦૧૬ ની મુદ્દત રાખવામાં આવેલ.

વંચાણે લીધેલા ગુજ.અનુજાતિ વિકાસ નિગમનાં ક્રમ(૨) પરના તા.૧૯/૧૨/૨૦૧૫ અને ક્રમ.(૩) પરનાં ગુજ.સફાઈ કામદાર વિકાસ નિગમ તા.૧૯/૧૨/૨૦૧૫ ના પત્રથી વન ટાઈમ સેટલમેન્ટ યોજનાની મુદ્દત વધારવા તથા મહેકમ મંજૂર કરવા અને વાહનો ભાડે રાખવાની મંજૂરી આપવા દરખાસ્ત કરેલ છે.

ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ ગાંધીનગર
ઈનવર્ડ નં. 389
તારીખ 9/2/16



(289)

ઠરાવ:-

ઉક્ત બન્ને નિગમોની દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાને અને વન ટાઈમ સેટલમેન્ટ યોજનાની હાલની સમય મર્યાદા તા. ૩૧/૧/૨૦૧૬ના બદલે વધુ ૬ માસ એટલે કે તા.૩૧/૭/૨૦૧૬ સુધી લંબાવવામાં આવે છે. તેમજ મહેકમ બાબતે બન્ને નિગમની જીલ્લા કચેરીઓ તેમજ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની જીલ્લા કચેરીઓના હાલના મહેકમથી ઉક્ત કામગીરી હાથ ધરવા તેમજ જીલ્લા કચેરીઓમાં વર્ગ-૩ની ખાલી રહેલ જગ્યાઓ જેટલું મહેકમ ઉક્ત વસુલાતની કામગીરી પુરતું તા.૩૧/૭/૨૦૧૬ સુધી આઉટસોર્સથી મેળવવાની મંજૂરી આપવામાં આવે છે.તેમજ વાહનો બાબતેઅનુ.જાતિ વિકાસ નિગમને તા.૧૯/૫/૨૦૧૫ ના સમાંનાંકી પત્રથી ૧૮ જીલ્લાઓ માટે વાહન એક વર્ષ માટે આઉટસોર્સથી મેળવવાની મંજૂરી આપવામાં આવેલ છે. આથી બાકીના જીલ્લાઓમાં ચાર કલસ્ટર બનાવીને સા.વ.વિના તા.૧/૪/૨૦૧૦ ના ઠરાવની જોગવાઈઓ મુજબ વાહન અને વાહન હંકારનારની સેવાઓ તા.૩૧/૭/૨૦૧૬ સુધી આઉટસોર્સથી મેળવવાની મંજૂરી આપવામાં આવે છે.

ઉપર્યુકત મંજુરી નીચે મુજબની શરતોને આધિન આપવામાં આવે છે.

(૧)- નિયામક હસ્તકની તમામ જીલ્લા કચેરીઓ અને નિગમની કચેરીઓના સમગ્ર મહેકમનો ઉપયોગ કરી એક ઝુંબેશ રૂપે વસુલાતની કામગીરી સંયુક્ત રીતે કરવાની રહેશે.

(૨)- આ અંગેનો વહીવટી ખર્ચ વસુલાતની રકમના ૨% થી વધે નહીં તે અંગેની પુરતી તકેદારી રાખવાની રહેશે.

(૩)- તા.૩૧/૭/૨૦૧૬ સુધીમાં આ કામગીરી પુરી કરવાની રહેશે. ત્યારબાદ મુદ્દત લંબાવવાની દરખાસ્ત સ્વીકારવામાં આવશે નહીં.

(૪) આ યોજના ખાસ ઝુંબેશ તરીકે ચલાવવાની રહેશે અને સક્રીયપણે મોનીટરીંગ કરી વસુલાતની કામગીરી સમય મર્યાદામાં અચુકપણે પૂર્ણ કરવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(કમલેશ શાહ)
સરકારના નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(નાં.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(ના.વિ.)નું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.